ૐ શ્રી

કુમુદ સુંદરી.

નાટકના ગાયનો.

છપાવી પ્રસીધ કરનાર.

શ્રી સત્ય વીજય દેશી નાટક સમાજના માલીક.

દેશાઈ. ઉમેદભાઈ કાશીભાઈ.

આવૃતિ ૧ પહેલી. પ્રત ૧૦૦૦

અમદાવાદ.

અમદાવાદ—ધીકાંટે જયન્તિ પ્રિન્ટિંગ પ્રેસમાં

પટેલ હેસાઇભાઇ હીરાચંદે છાપી.

સંવત ૧૯૬૦ સને ૧૯૦૩

કીમ્મત રૂ. ૦—૨—૦

ૐ શ્રી

નૌતમ નાટ્ય

નામે

કુમુદ સુંદરી.

નાટકના ગાયનો.

શ્રી સત્ય વીજય દેશી નાટક સમાજને માટે.

રચી તૈયાર કરનાર.

મીર. ગોબર. કાલુ. તથા પ્રભાશંકર અંબારામ

નાયક.

છપાવી પ્રસીધ કરનાર.

શ્રી સત્ય વીજય દેશી નાટક સમાજના માલીક

દેશાઈ. ઉમેદભાઈ કાશીભાઈ.

અમદાવાદ.

અમદાવાદ—ધીકાંટે જયન્તિ પ્રિન્ટિગ પ્રેસમાં

પટેલ દેસાઇભાઇ હીરાચંદે છાપી

સંવત ૧૯૬૩ સને ૧૯૦૭

કીમ્મત રૂ. ૦—૨—૦

શ્રી અથ ખેલના મુખ્ય પાત્રો.

પુરૂષ પાત્ર.

૧ કાસીરાજ

૨ પુશ્પસેન... ... ...તેમનો પુત્ર

૩ સુવર્ણસેન... ... ... તેમનો સેનાધીપતી

૪ બુદ્ધીધન... ... ...રાજ્યનો પ્રધાન

૫ વીરસેન... ... ... વલ્લભીપુરનો રાજા

૬ ચંદ્રસેન ......ખેલનો મુખ્ય નાયક વીરસેનનો પુત્ર ને કુમુદનો વર

૭ કોટવાળ... ... ...ધનાર્થ કાસીપુરીનો

૮ સઠરાય ... ...સ્નેહ નગરનો રાજા

૯ કુમતરાય }
૧૦ નીરબળરાય } ... ...તેના હાજીયા દાસ પાસવાનીયા

૧૧ ભોળોભટ... ... ...કાસીપુરીનો એક દીન બ્રામણ

સ્ત્રી પાત્ર.

૧ કુમદની... ...કાસીરાજની પુત્રી મુખ્ય નાયકાને ચંદ્રશેનની પત્ની

૧ અલકકીસોરી.............................. ... તેની મુખ્ય સહચરી

૩ સરીતા........................... કુમુદની માને કાસી રાજાની સ્ત્રી

૪ ભોલી લક્ષમી..................................રાજની છટકેલ દાસી

કાસી....................................... ભોળા ભટની ભટાણી

અન્ય પાત્રો.

દાસ દાસીએ સીપાઇઓ સ્વારી સ્વારણ કણુગી કણુબણુ બ્રાહમણો તથા દ્વારપાળ વીગેરે.

श्री.

श्रीगणेसायनम

શ્રી સરસ્વતીનમઃ

શ્રી નવીન કુમુદ સુંદરી.

નાટકનો ટુંકસાર.

અંક ૧ લો.

મંગળાચરણ.

સુત્રધાર તથા કુમારીકાઓ;

પ્રવેશ ૧ લો.—કાશી રાજાની પુત્રી. કુમુદ પોતાના બગીચામાં સખીઓ સાથે હાસ્ય વિનોદ કરે છે. તેવામાં કોઇ દસુદી બારોટ ઘણા રાજ્યકુમારોની તસવીરો લેઇ કાસી નગરીમાં આવેલા છે. તે ત્યાં બગીચામાં તસવીરો લેઇ આવેછે. ને સઘળી તસવીરો રાજ્યકુમારીને જોવા માટે સોપી જાય છે રાજ્યકુમારી તસવીરો મહેલમાં જઇને જોવાનુ મૂળત્વી રાખી સર્વે સખીઓ સાથે મહેલમાં જાય છે.

પ્રવેશ ૨ જો.—કાસી નગરીનો કોટવાલ કે જે ધનનો અતિ લોભી હોવાથી. ઘણાં ક્રુર કૃત્યોના હીમાયતી થઇ ચોરો પાસે નગરમાં

ચોરીઓ કરાવનાર પોતાના દોલત મેળવવાના સેખસલ્લીના વિચારોમાં નિમગ્ન થાય છે. પાછળથી તેના રાખેલા દુરાચારી ચોરોની નગરમા ચોરી કરવા જવાની મસલત.

પ્રવેશ ૩ જો—જંગલમાં રાજ્યકુમાર સેનાધીપતી સાથે મ્રગયા રમવા નિકળે છે. ત્યાં સોદાગર વેશે નિકળેલા કોટવાલને રબારીને ઠગવાનો તરકટ જોવો, રાજ્યકુમારનો ગુસ્સો.

પ્રવેશ ૪ થો.—ભોળાભટને રાજ્યમાં રહેનારી ગોલી સાથે મોહપાસ.

પ્રવેશ ૫ મો.—રબારીનુ ઘર કોટવાલના હાથે ઠગાએલ રબારી તે પોતાની સ્ત્રી સાથે અરસપરસથી લડાઇ.

પ્રવેશ ૬ થો—કાસી રાજાનો દરબાર રાજકુમારે કુકર્મી કોટવાલના ક્રૂર કૃત્યની આપેલી ખબર ને પાછળથી પ્રજા જનોનો કચેરીમાં ખુમાટ વીગેરે બાબતથી રાજાનો એકાએક ક્રોધ અને કોટવાલના કુટીલ કૃત્યો નજરે જોવાને સારૂ ગુપ્ત વેશે જવાનો વિચાર.

પ્રવેશ ૭ મો—દોલતનો દીવાનો કોટવાલ ઠગબાજીમાં ફાવેલો હોખુબ ખુશાલી સાથે તર્કવીતર્ક કરે છે પાછળથી પોતાના રાખેલા દુરાચારી લશ્કરો પછીથી નગર ચરચા જોવા નિકળેલા કાસીરાજ.

પ્રવેશ ૮ મો—કુમુદનો ખાનગી મહેલ સખીઓ સાથે કુતુહળ ક્રીડા તસવીરોની તપાસ દાસીએ છુપાવી રાખેલ તસબીર (વલ્લભીપુરના પાટવીકુમાર, ચંદ્રસેનની) પાછળથી એકાએક જોવામાં આવતાં કુવરીનુ મોહીત થવુ અને સત્ય પ્રેમથી તસવીરમાંના કુમાર સાથે જીવન અર્પણ કરવાનો નિશ્ચય કરવો.

પ્રવેશ ૯ મો—ભોળાભટની સ્ત્રી તથા રાજ્યની ગોલીનો અરસપરસ નીતી અનીતીનો સંવાદ.

પ્રવેશ ૧૦ મો—વાણીયાની દુકાનમાં વાણીઓ ગુમાસ્તા સાથે સુઇ રહે છે ત્યાં શઠશીરોમણી કોટવાલના રાખેલા ચોર લોકો ચોરી કરવાના ઇરાદાથી આવીને દુકાન તોડે છે. તેટલામાં નગર ચરચાએ નિકળેલા કારી રાજા ત્યાં આવી પહોચે છે. વાણીયાનુ અકસ્માત જાગી જવુ ચોરોનુ નાસી જવું ને રાજાનુ ચોર તરીકે પકડાતું. પાછળથી વાણીઓ રાજાને ચોર સમજી કોટવાલ પાસે લેઇ જાય છે.

પ્રવેશ ૧૧ મો—ધનથી મદાન્ધ થએલા કોટવાલ પાસે પ્રથમ ચોર લોકેનુ આવવુ પાછળથી વાણીઓ ગુમાસ્તા પાસે રાજાને પકડી લાવે છે અને કોટવાલ સમક્ષ ફરીયાદ કરે છે ત્યાં કોટવાલ રાજાને ચોર સમજી ધમકી આપે છે અને મસલત કરવા જતાં રાજાનો ક્રોધ જોઇ કોટવાલ એકદમ ગુસ્સે થાય છે તે જોઇ રાજા પોતે પ્રતક્ષ થાય છે.

અંક ૨ જો

પ્રવેશ ૧ લો.—કુમુદનીની સખીઓ ગંગાનદીના પનઘટ ઊપર પાણી ભરવા જાય છે. ત્યાં યાત્રાએ નિકળેલો, વલ્લભીપુરના રાજાનો પાટવી કુમાર ચંદ્રસેનનું અકસ્માત આવવું. તષ્યાતુર હોવાથી સખીઓ પાસે પાણી પીવા માગવુ, રાજકુમારના રૂપથી, મોહીત થએલી દાસીઓ મારમીક ચેષ્ટા કરતાં પાણી આપે છે, પાછળથી, દાશીઓનુ પાણી ભરીને. મહેલે જવુ અ.

ને મૂખ્ય દાશી અલક કીસોરી રાજ્ય, કુમારનુ સ્વરૂપ. જોએલી તસવીર સાથે બરોબર મળતું આવવાથી ચકીત થતી જાયછે.

પ્રવેશ ૨ જો.—ગામડીઆ કણુબીની; જડ બુદ્ધી ભરેલી ગમ્મત.

પ્રવેશ ૩ જો.—કુમુદનો પ્રેમ પ્રયાસનો પસ્ચાતાપ ત્યાં સખીઓનુ આવવુ, ને તેમના અરસપરસ વીનોદ બાદ સખીઓનુ જવુ પછી કુમુદ તથા અલકનુ જરૂખાપર જવુ ત્યાં કુમુદનુ પ્રેમ મય નીંદ્રાવશ થવુ, એટલામાં ચંદ્રનુ એકદમ રસ્તાપર આવવુ. ત્યાં કુમુદની નિદ્રામય પ્રેમાન્તીક જંખવુ ચંદ્રને શ્રવણ થવુ. પાછળથી અલક તથા ચંદ્રની વાત ચીત. થયા પછી ચંદ્રનુ પ્રેમ પત્રીકા આપી જવુ.

પ્રવેશ ૪ થો.—પ્રેમ વ્યાકુળ ચંદ્રસેને નિહાળેલી પ્રમ મુર્તીનુ વર્ણન કરી પાછળથી શ્રી. કાશી વિશ્વનાથના દર્શન કરવા જવાનો વિચાર

પ્રવેશ ૫ મો.—શ્રી કાશી વિશ્વનાથના મંદીરમાં ચંદ્રસેનનુ દર્શન કરવા જવુ દર્શન કરી પરથારપર સુઇ રહેવું. ત્યાં કુમુદનુ દર્શનાર્થે આવવુ. ત્યાં એકાએક સઠરાયનુ પ્રવેશ થવુ તેને કુમુદાના સ્વરૂપ ઉપર મોહીત થઇ તેને મેળવવાનો પ્રયાસ કરતાં તેનો તીરસ્કાર થતાં કુમુદા ઉપર ચીડાઇ તેનુ જવુ પાછળથી ચંદ્રસેન તથા કુમુદનો આબેહુબ મેળાપ પછી પૂસ્પસેનનુ આવવુ તેમણે ચંદ્રસેનને પીતાના મકાનપર મહેમાન તરીકે લેઇ જવુ.

પ્રવેશ ૬ ઠો.—કુમુદપર મોહીત થએલા. સઠરાયને તેનુ હરણ કરવાના વિચાર

પ્રવેશ ૭ મો.—કુમુદ તથા ચંદ્રનો પ્રયન્ત પ્રસંગે વિનોદ સાથેમે-

ળાપ. તથા ઊત્સાહ ને તે નિમક હરામી ગોલીનુ જોવું તથા તેનો દવેશ ધારણ કરી આ વાત મહારાજા કાશીરાજને કહેવાનો વિચાર.

પ્રવેશ ૮ મો.—ગોલીએ ભોળાભટની સ્ત્રી કાસીને ઉંશકેરવુ ને ભોળાભ ના ઘેર અણગમતા ઘર વાખરાનો હેવાલ.

પ્રવેશ ૯ મો.—કાશીરાજ તેમની રાણી સાથે કુમુદના લગ્ન સબધી વીચાર.

પ્રવેશ ૧૦ મો.—કુમુદાનુ પ્રેમી મીલનનુ હર્ષીતપણું તેવામાં અલક કીએ એકદમ આવીને મહારાજા ગુસ્સે થયા છે તથા ચંદ્ર-શેનને ફાંસીનો હુકમ કર્યો છે તે સમાચાર કહેવા ત્યાં કુમુદનો વીલાપ તથ કાશીરાજે કુમુદને આપેલી ધમકી. પાછળથી કુ-મુદે ચંદ્રને બચાવવાનો રચેલો ઇલાજ.

પ્રવેશ ૧૧ મો.—કણુબીની મુરખામી ભરેલા ટેકનો દેખાવ બાદ તેની મુરખામીનો તેથી પાડોશીઓ તરફથી ઠપકો.

પ્રવેશ ૧૨ મો.—ચંદ્રસેનને ફાંસી ચડાવવા લેઇ જવો, ત્યાં ગો-લીએ તેને બચાવા જવાનો ઇલાજ તેથી તથા પાછળથી કુમુ-દ પ્રયન્તથી ચંદ્રને ફાસી ઊપરથી બચાવ્યાં પછી ચંદ્રનુ જવુ વગેરે

અંક ૩ જો.

પ્રવેશ ૧—વિયોગી ચંદ્રસેનનુ જંગલમાં થાકથી સુઈ રહેવુ ત્યાં કુ-મુદાએ પત્ર લખી આપી મોકલેલા. ખાનગી જાસુસનુ મળવુ પત્ર વાંચવોને પાછો મળવા આવવાનો વિચાર બુદ્ધિહીણ સ્રા-

હણે ની હકીકત ચોર આ બ્રાહ્મણોના બળદની ચોરી કરવી. વીગેરે હકીકત તથા વૈદવેશે ચંદ્રસેને પુષ્પસેનને મળવું.

પ્રવેશ ૨ જો—પ્રેમ વિયોગી કુમુદાનો વીલાપ સખીઓની વાત ચીત કુમુદાને ધીરજ આપવી ને કુમુદનુ બેભાન કે દરદ પ્રાપ્તી થવુ.

પ્રવેશ ૩ જો—કુમુદના બેભાન સ્થીતીમાં દરદમય થઇ છે તેમ હકીકત રાણીએ રાજાને જાહેર કરતાં સો રોગ તેના વચારમાં છે. તેટલામાં પુષ્પસેન વૈદવેશે બનેલા સંદ્રસેનને તેડી આવે છે ત્યાં ચંદ્ર તથા રાજાની વૈદ વિધા વિષેની વાત ચીત બાદ તેમને કુમુદાની દવા કરવાની સુપરત.

પ્રવેશ ૪ થો—કુમુદાપર આશક થયેલા સદરાયે પોતાના નોકરોને ઈનામ આપવાનુ કરી કુમુદાનુ હરણ કરવા મોકલ્યા ને પાછળ થી તેના તરંગો

પ્રવેશ ૫ મો—પ્રેમદરદી કમુદની કલ્પાંત દાસીઓ ધીરજ આપે છે. તેવામાં પુષ્પસેન તથા વૈદવેશે ચંદ્રસેન આવે છે પાછળથી વાતચી ના સમાગમે એક એકને ઓળખી વીનોદથી કામાધીન થાય છે બાદ સદરાયના નોકર કુમુદનુ હરણ કરી જાય છે.

પ્રવેશ ૬ ઠો—કાશીરાજ તથા રાણી. કુમારીને દરદથી આરામ થયો કે કેમ તે વાત ચીત કરે છે તેવામાં પતિહાર આવી કુમુદાના હરણની ખબર કરે છે ત્યાં કાશીરાજ ક્રોધ ભરાઇ તેની સોધને માટે ઇલાજ કરવા માણસોને બોલાવે છે.

પ્રવેશ ૭ મો—અનાર્ય બ્રાહ્મણોની ગાંડી વિધતાનો ઉપયોગતાં તેમની મુર્ખતા જાહેર થતાં તેમને બીજા ખેડુતો તરફથી ઠપકો ને ધિક્કાર.

પ્રવેશ ૮ મો—સઠરાયના નોકરો કુમુદનુ હરણ કરી આવ્યા તેની બહાદુરીને ઇનામની ખુસાલીમાં મગ્નતા ત્યાં સઠરાયની પોતાનુ કામ ફતે થયાનો ઊત્સાહ

પ્રવેશ ૯ મો—કુમુદનો પ્રેમીના વિયોગનો તથા પોતાના હરણ થયાનો વલોપાત ત્યાં સઠરાએ તેને પોતાના વશ થવાનું સમજાવવુ પછી કુમુદા તેનો તિરસ્કાર કરે છે પછી કુમુદ તથા સઠરાયની લડાઇ થતાં સઠરાયનુ જખમી થવુ બાદચંદ્રસેન આવી કુમુદને બચાવી લેઇ કાશીનગર તરફ જાય છે.

પ્રવેશ ૧૦ મો—કુમુદ તથા ચંદ્ર દુઃખ નિવારણ કરી સંયોગી થમાં તેની ખુસાલી પાછળથી ચંદ્રસેનના પીતા શ્રી વીરસેનનુ શીકારી વેશે આવવું ને તેણે કુમુદપર કરેલી કુદષ્ટીથી લડાઇ થઇ પાછળથી તેમને કાશીરાજા પાશે પકડી જાય છે.

પ્રવેશ ૧૧ મો—કાશીરાજની કચેરી કુમુદને લાવ્યાની ખબર વૈદ તે ચંદ્રસેનજ તેમ પ્રગટ થવુ વીરસેનનુ જાહેર થવુ ચંદ્રસેનને સાબાશી બાદ તેમનો હરત મેળાપ ને છેવટે જય જયકાર.

નવીન કુમુદ સુંદરી.

નાટકના ગાયનો.

ગાયન ૧

સુત્રધાર—વંન્દુ વીનાયક ગુણ જ્ઞાતા. જય સુધ બુધના દાતા
દે નીસદીન સુખ સાતા, વંન્દુ.
નવીન નાટય રચવા ગુણ ગામી, માગુ મનીસા કપટ વીરામી
અરજ હમારી હ્રદયે ધારી આપો જગત્રાતા,
આ... ... ...વંન્દુ.

ધ્રુપદ.

સમરૂ સ્વામી સીસનામી, સુખપામી, દુખવામી.
વીઘ્નરાજ, સફળકાજ, કરતું આજ. અંતરયામી વંન્દુ.

નટી— ગાયન ૨

પ્રણવું પ્રીતે પ્રભુજી પ્યારા આદ્ય ઇશ્વરા
તુજ દર્સને મન હર્સથી નમામી ભુધરા; પ્રણવું.
દીન દાસ આસ ખાસ ધરી હાસવીભુવરા
કર નુતન નાટય સાઠયહીન સુનાટ્ય સુખકરા પ્રણવું.

સાખી.

ચીદા નંદ અરણેનમુ નરહર રૂપ નરેસ
સદાસુખ સરણે રહુ એ આપો કમળેસ
સચરાચર ઘટ પ્રગક પ્રભુ નટી નટ નમે શ્રીવરા પ્રણવું.

કુમુદ— ગાયન ૩

વીધી તારી ગત ન્યારી, વારી વારી જાઉં વારી;
ધારી ધારી રદય વીચારી રહું હું......... ......વીધી.
પ્રવીણ પ્રેમદાને જડે મુર્ખ જોડે નીપુણ નર સાથે
ફુવડ માથુ ફોડે;
જગત સજોડે ન જોડે સઊ તું... ... વીધી
તેથી ત્રીપુરારી સુણી દાદ મારી આપો અર્જ ધારી,
સજોડું સ્વીકારી.
પ્રણમી પ્રભુજી કરજોડી કહું હું... ... વીધી.

અલકકીશોરી–કુમુદ ગાયન ૪

ફુલી ફાલી અલી ફુલવાડી.... ... ...
... ...ભોળી ભ.ળી અલી જા ગાંડી.
વાહ પ્ર ય વદના મન મદના... ... ...ફુલી,
ઓ આલી ... ...
... ...જા ખાલી ટક ટક કરતી ઠાલી
વા વાલી મતવાલી ... ...
... ...જા બક બકતી ચાલી.
વાહ પ્રીય વદના મન મદના... ... ...ફુલી.

અલકકીશોરી-કુમુદ ગાયન ૫

વાવા વેલી નવેલી તું નાર એ તારો લટકો
મદઘેલી બનેલી આધાર એ તારો લટકો
વારે લજ્જાળુ ભારી નારી નવોઢા... ... ...
જાણી જણાવો ચીન્હ પૌઢા ... ...
હટ દુર જા... ... ...
... ...વાહ વાહ બા ... ...
... ... હટ દુર શી જરૂર... ...
... ...વાહ આ તારો લટકો...
જા જા જા... ... ...
... ... : વાહ વાહ વાહ શું પ્યારી પ્યારી લટક
રંગીલી રસીલી છબીલી ... ...
જા ઘેલી બનેલી... ... ...
અલબેલી તું નાર અરે વાહ વાહ ખુબ...વાવા વેલી

ગરબો.

સાહેલીઓ-કુમુદ ગાયન ૬

વાલી વસંત વરમાળીઓ, વનમાળી સમ લોભાવે;
કુક કોયલડી કદંમ ડાળ ચડી વીલસીત વેણુ લલચાવે
રે સંગી સુખ પાવે પાવે વીરહીની રોવરાવે દુખમાં દબાવે;
વાંલી વસંત૦

સાખી.

વસંત વર વીલસી રહયો કાનન કરે કલોલ
સુરભી સીતળ દેખી દ્વીજ હરસીત બોલે બોલ

રંગબેરંગી સણુગારરે સોભીતો સખાની સંગે
કેત્તા તંબુર ગુંજાર મારે મધુકર મદમધ રંગે
મેલુંડી ઘેલછા લાગી લલુરતા લલનાના દીલ લાવે
રે સગી સુખ પાવે વીરહીની રોનરાવે દુખમાં દબાવે

વાગી વસંત૦

કોટવાળ— ગાયન ૭

બંદા બળમાં ફાવી છાગમાં પૈસા પાડુ પળમાં પળમાં
ચાહુ મનને ધુતી જનને મેલુ ધનને કળમાં
જર માલ ખીંચેખનનનનનન (૨)..................બંદા
થઇને શજાથી પણ તાજા જાજા ફરીએ સ્થળમાં
રમ્મત ગમ્મતને મોજ મજા ભોગવીએ ભુતળમાં
જણકાર જરથી જનનનનનનન (૨)
તર છન છના છક છનનનનનનન (૨)............બંદા

સુવર્ણસેન-પુષ્પસેન ગાયન ૮

જડપ કરો જડપ, ચડપથી એ સીકારને
સડપ કમાન તીર, હું પ્રહારૂં વ્યાધને
ધરોને ચીન ધીર... ... ...
... ... હુ વીર શું બીઉં જરી.
ફરી આવાર ઠાર, ઠાર જાઉં હું ફરી
અજબ ગજબ અરે સીકાર શું ગયો ખરે
કરૂં હવે શું હાય હું શારદુલ ગયો સરી

પુષ્પસેન— ગાયન ૯

જઇને બાહેર કરૂં હું આવાર,

કીધું તે કુકર્મી અધર્મી કામ કારી કારી જઇ,
અરે નીમક હરામ, કીધું કેવું આ કામ
અરે નીરલજ બજાવ્યું તે નામ ભારી ભારી જઇ,

લક્ષમીગોલા— ગાયન ૧૦

છેલ પ્યારી છબીલી હુ નારી
લચકાતી મદકાતી મલકાતી હુ ભારી છેલ,
નયન નચાવી નીરખી નખરે, નરને ખર કરી લાવું
પ્રેમ પાસમાં પુરૂસ પટાવી, પડદે પ્રેમી નચાવું.
પ્રેમ ઘેલી હુ બનેલી મારૂં કટાક્ષ કટારી છેલ,

ભોળોભટ-લક્ષમી. ગાયન ૧૧

વા વા લટકારી નાર વા વા વા
હુ કેવો ભોળો ભરથાર ભોળા મતલબ ના યાર
છોડો ટીખળ આવાર હડો હઠ કરો ન જાજી વાર, વા વા
જોબંન જાણો દીન ચાર માંણો માંણીગર પ્યાર
કરો કરો સફળ અવતાર અરે વા છેલ છબીલી નાર વા વા

રબારી-રબારણુ ગાયન ૧૨

હુરે કહ્યું પીટયા હુરે કહ્યું મેર મુવા મુરખા હુરે કહ્યું
રાખતું ઘહું રાંડ રાખતું ઘહું ડાહી રાંડ ડાપણને રાખતું ઘહું
મેર મુવા હારે તું જ્યોતો સીદ વીહલા... ...
... ...ખબડદાર રાંડ પાછું બોલી ખરૂં
આજે પીટયા તું હવે ખાવાને ઘરમાં... ...
... ...ઉભી રહે ફુવડ મારી કુટીયું ભાંકર ડાટી,

વારાંગનાઓ— ગાયન ૧૩

પામો નરવર સુખ સરવર ધરવર સીરતાજ સદાએ
ગીરવર ધર અજરામર સીરપરદર દુખ હર ત્વર
નટવર ધરમ ધુરંધર અચળ નીડરતુજ રહો અમર
સુખ સાજ... ... ... પામો
ગાઓ સૌ નાચો સૌ. ગાન તનનનનન... ...
ત્રીકટ ધુમ ત્રીકટ ધુમ દાની થનનનનનન આજ પામો

પુષ્પસેન— ગાયન ૧૪

પરીણામ પાય માલીનું પંકાયું નીરવાંણુ
શું કહું પુજ્ય પીતા તમો પ્રીછી કરો પરમાંણુ
સીંહ તણા સીકારને લેસે જ્યારે કાગ
ફટ ફટ છે એ સીંહને સીંહ નહી પણ છાગ

કાશીરાજ-પુષ્પસેન ગાયન ૧૫

લાખો ફીટકાર છે દુરજન તને
સાગી કીધી તેં હરામી હામી પાપી જન
દુષ્ટ ધનથી મગન તુ સદા વશી વીપરીત
વપુ ક્રોધ ચીત્ર ભાનું માનું જરરરરરર લાખો,
માયાને ધાયો સુખે પીડી પ્રજાને દુખે
લજાવ્યું નીરલજ નામને અધમપણેથી અરરરરર લાખો

કોટવાળ— ગાયન ૧૬

વા વારેવા સફળકાજ કરતા આજ હાં હાંરે હ
રમત ગમત વારેવા ઉડાવો ખસ છનં છના વા વારેવા,
વા ઇછરંગથી ખાસ ઉમંગથી ખુસીનાં ઢંગથી રંગ હા હા

બનાવી કાંમ પટાવી આમ દબાવું દાંમ હા હા વા વારેવા,
વા મગન મગન આજ મગન
અમન ચમન હા ... ... વા વારેવા,

સાહેલીઓ— ગાયન ૧૭

આવો આવો બેની હર્ષ ઘેલી આંણુદની હેલી આજ
રંગભેર છાજો સકળ સમાજ
પરદુખ ભંજન મા સુખં મંજન સંકર સમરે સુખ પામો
ઉમંગે રંગે સંગે દારૂણુ દુખ સહાવામો આવો આવો

કુમુદ— ગાયન ૧૮

વીધીમમ વીનતી, લેજો અવધારી;
દોસ પ્રભુમારો, દીલે નવ ધારો
જેવી તેવી હું બાળા તમારી (લેજો)

સાખી.

કુમુદકળી મધુ સમયમા મધુસમ મધુ લ્હેકાય
મનહર મધુકર માગતી એવીણ મધુ વહી જાય
જોડે સજોડે, કૃપાનાથ કોડે;
સુખસંસાર દેજો સુધારી. (લેજો)

કુમુદ— ગાયન ૧૯

મુજ, સાંણી સાહેલીરે, જણાવું સું વાત કહી;
ભરજોબંન જાયરે વૃથાવય જાયે વહી;

સાખી.

સ્નાન મેંદી વેણુ ચીર ચીપુક ચાંદ મસી દીપ હાર
અંજન સીંદુર આંગી સુધન પાન પુષ્પ સુડી સાર
એવા વીધ વીધ વેસોરે સજ્યાં સોળ શ્રંગારરે
વીનાસોખી સયોગીરે, લાગેસઉ અંગારરે;

કુમુદ— ગાયન ૨૦

જોતાં જાદુગર પ્યારા, પ્રતીમાં આ તારી.
હર્સ નવેલી ગેલી દર્શે બનેલી હું સકલ સુધને વીસારી
વદન વીધુ સમ વ્હાલા, વીલોકી હું બાળા;
માળા જપું ધ્યાનધારી ... ... (જોતાં)

કાશી— દોહરા ૨૧

નીયમીત નીતી નેમને, ભજીએ શ્રી ભગવાંન;
પતીની અતી સેવા કરી, મેળવીએનીજ માંન
[illegible] મળી રહીએ હેતશું, સમજી સાર અસાર;
કુટુંમ કબીલા સર્વેથી પુરો રાખી પ્યાર

લક્ષ્મી—

પુરૂસ પાડીએ પ્રેમમાં, કરીએ ધાર્યું કામ;
છેતરીએ છળ બળ કરી, હૈએરાખી હામ.
મોજ મજાને માંણવી, જાણવી જુગની રીત;
પ્યાર સાર સમજી પુરો, ચંચળ રાખી ચીત

અંક બીજો

સાહેલીઓ ગાયન ૨૨

મળી સરખી સાહેલી. સંપ મહાલી એરે
સખી માથે ગાગર લેઈ ને ચાલી એરે
સખી મનથી દુર દ્વેશ કલેસ રાખીએ
સુભ સ્વચ્છ નેમ, પ્રેમ સુધા ચાખીએ ગાગર;

સાખી.

સુંદર સ્યામા સામને ભજીએ પુરણ ભાવ

સુખદ રૂતુ પ્રીય ભોગવી લઇ એૈદંપતી લાવ
એવા વીધવીધ પ્રકારે સ્નેહ પાળીએ રે
પ્રીતી ભોજંન આરોગો પ્રેમ થાળીએરે   મળી

ચંદસેંન— ગાયન. ૨૩

દીસે પ્રાંણી માત્રના મનમનની મતી ન્યારી
કોઇ જોગી કોઈ ભોગી દીસે કોઇ કાંમ કરે જારી
કોઈ ગરવી કોઈ નરવી મતી કોઇ જટ છે સુમત કારી
એવી વીચીત્ર કરણી, ધરણી ધર તેં ધારી   દીસે

સાહેલીઓ ગાયન ૨૪

પંથી પ્યારા પાવન પધારી ક્યારે...   ...
... ...વ્હાલ વ્હાલથી પીઓને નીર રસ ભર્યાંરે
પ્યારા પ્રાણથી અધીક પ્રાંણ ચાહીએ...   ...
...પ્રીતે પ્રેમની કટોરી ગોરી પાઇએરે   પંથી
આતો પ્રેમ પાત્ર સજગી સ્નેહથી ભર્યુંરે...   ...
....પીતાં વાંત સ્યામ ઠામ ચીત રહે ઠર્યુંરે
જો જો સરમ ભરમ રાખતા તમો જરીરે
પીઓ કાંન્ત થઇ શાંન્ત ધૈર્યતા ધરીરે   પંથી

કુમુદ— ગાયન ૨૫

સુંદર સામળા વ્હાલા દરસંન દીલ હરઇચ્છે વામળા
જીવજાએ રીબાયે દુભાયે રેહાય   સુંદર
પ્રીય દર્સ તણી તર્સતી વૃછે તનને
બની કૃસ દીસે હર્ષ નવ રહયો મનને   સુંદર
સુખથાએના દુખજાએના રેખમાયેના કંઇ ઉપાએના
સુંદર શામળા વ્હાલા દરસંન દીલહરઇચ્છે વામળા   સુંદર

કુમુદ— ગાયન ૨૧

આતે પ્રેમ ઇસારો કેવો ન્યારો ને ન્યારો
રંગે રંગી અંતરને રહેતો, ન્યારોરોને ન્યારો આતે
ધીરે ધુનો જીણું ઝાખે, નાખે પાસ પ્રતાળરે
અબળા અતર હોડયા દેતો પુરૂશ ચોટની બહારરે
વશીકરણુ આવી દયા કેવો જાદુઇ સંચાર જેવી
પરમ બરમ સરમાળ તેવી રીતલડી રસળ આતે
ચંદ્ર ચતુર વર સુંદર નરની છાપરદય મોઝારરે
નીરમલ નીર ચોવંનમાં નીરમળ સ્નેહમોંદુવીસાળરે.
એનેગમન ઉચાટ કેવા નથી જાણે કાંઇ લેવાં દેવા
દરસન આપો દયાળ દેવા શેવાતમ સુખકાર અતો

સખીઓ તથા કુમુદ ગરબો ૨૭

ભમર ભોગી ભરૂસે, સુંદી ભટકી ઓ ભાંમની
નીરખી નીસદીન નજર નટકી ઓ નાથજી
વારીજ વીલાસ વાસ, વ્યંગનું વીયોગયું
પ્રેમ તણા પાસ પડયું પટકી રે લોલ નીરખી.

સાખી.

કાંમતણા કલ્પાંતથી મુજ અંતર મુઝાય
કઠણ કતી અતી, રતી પતી સજની નવ સુઝાય

ઢાલ ૨

જલકે જલધી જોબંન ના રહેવાયરે
માર મદન તણો ના સહેવાયરે
સખી કરમ કથા સું કહેવાય,... ... ...
... ...વીભુવર વાત લેજો વીચારીરે ભમર

સાખી.

ત્રીપુરારી તમને નમુ પસુપતી પરમ કૃપાળ
આપ અરી મુજને દમે પ્રગટી અંતર ઝાળ

ઢાળ ૩

સીદ સતાવે રે હો નીષ્ઠુર મદન શીદ સતાવે રે
કાંન્ત વીયોગીની કાંમનીયોને સીદસતાવે રે
સીદ બતાવેરે ઠગારા વીધુ મુખ સીદ બતાવેરે
ભામનીઓના મંન ભંગ કર્યાં મુખ સીદ બતાવેરે

સાખી.

યોવન ઉપવંન અધીકર્યાં વીધવીધ કુસુમ કળાય
પણ ભોગી ભમરાવીના વૃથાત્રાશ વહી જાય ભમર

ચંદ્રસેન — ગાયન ૨૮

વામાનુંની મુખલાગે પ્યારૂં હાસ્ય સુખદ પ્રીયમન ઠરનારૂં વામા:
અધુર બીંબ છબી કામ ભામની કારી કટાક્ષ છે ચીત હરનારૂ વામા
જાણે.ઉતરી રૂડી રંભરૂપાળી એવું સ્વરૂપ છે સુખદ સારૂ વામા;
સસીવદની પ્રીયગજ ગમનીએ જોતાં જુવતીએ મનહર્યુંમા વામા;

ચંદ્રસેન — ગાયન ૨૯

મોહીલીધું માનુની મનને મનને
મન હરએ સુખકર એ રસીલી રંગીલી છબીલી તનને માહી
નારીએ પ્યારી એકીલો ગાહેલ મને
જોતાં જુવતી તાલા વેલી લાગી છે અતીતને
મનહરએ સુખકરએ. રસીલી છબીલી તનને મોહી

ચંદ્રસેન- — ગાયન ૩૦

હાય મન વસીગઈ સુંદરીની સુરત એપ્યારી પ્યારી
નારીએ કામણગારી હસીઉર વસી પ્રીયવદની

વીરહ થકી બહુ જીવ ગભરાય મારો હાય
સસી વદની નેહ નજને નીહાળીહું
માગું વીભુ પ્રણમીતુજને હું
પ્રાંણુ પ્યારી એમન હરનારી હાય
અરપોએ મુજ અરજ સ્વીકારી હાય,

આહુણા— ગાયન ૩૧

અરે વાલો સાંચાનો સંગાથીરે જેને પ્રીત કીધી
વાલાજી મારા પ્રથમ તેં ધુજીએ પ્રીત... ...
... ...કીધી તેને અવીચળ પદવી દીધીરે જેને
વાલીડા મારા બળને તેં ૭વાર વાચા કીધી.. ...
... ...ત્રીણ ભુમંડળ લીધીરે... જેને
વાલીડા મારા ઉંડા તે જળે ગૃજના કીધા તેણે...
... ...તરતજ ખબરો લીધીરે જેને
વાલીડા મારા હર્ષે વીદુર ભાજી ખાધી તે... ...
... ...નામે ગુણકા સાધીરે જેને

ત્રીભંગી છંદ ૩૨

ચંદ્રસેન—સંભુ સુખ દાતા પુજ્ય પ્રખ્યાતા
ગુણીત ગણતા ગુણગ્નાતા
ત્રીલોકી ત્રાતા માન્ય મનાતા.
હે સુખ શાતા સુખ દાતા;
જય જય ત્રીપુરારી અસુર વીદારી
દુઃખ સંહારી તું ભારી
ભુતેસ ભસ્મ ધારી ગંગાધારી
મુકતા કારી હે તારી

શારદુલ છંદ ૩૩

કુમુદ—ગાઢું છે તુજ હેત એ સર્વ હું જાણું હમેશાં ખરૂ
ચાલે નહી પળ એક તુજવીના તેનું હવે શું કરૂં
શા લેખે અતી સે વીયોગ તુજ પ્યારા તારો સદાએ મુને
તેથી ચંદ્ર યાદ નીત્ય કરૂં પ્રાણુ પ્યારા હેતુને

અલકકીસોરી ગાયન ૩૪

તલસે એ તરૂણી ખીચારી, વાલમ વાત લેજો વીચારી
નીસદીંન રહ્દય બળે. કામા અગ્ની ઝલે
વીરહ વડે રમની રડે, દુખના દડે વાત લેજો વીચારી
આલો ચતુર સુગડ ચપળા ચીત કેરા ચોર
તલચે સતી ફરી સુકતી બચાવો જતી વાત લેજો,

કુમુદ—ચંદ્રસેન ગાયન ૩૫

રંગે ભર્યા છેલા વારે રશીલા પ્રીતથી પ્રેમ રસ પીજીએ
વારે છબીલી પ્યારી કામણગારી લલના લલીત લાવ લીજીએ
દારાની દાદ પ્યારા જાણીને મારા અરસપરસ પેમ તાલી દીજીએ
જબરી ઠગારી નારી પ્યારી પ્યારી આ રંગે રસીલી રોજ રીઝીએ
હેત હળી મળી પ્યારીની સંગે.....................રંગે.

સહરાય— ગાયન ૩૬

સીલટલ (૩) તારી છબીલી જોઇ ઘેલો બન્યો અલબેલી
નારી તણા નેણાની કારી કટારી
લાગ્યો તેનો ઘા ભીથર ભારી
પીડે ૭ પ્યારી રસીલી જો..
ફોગટ છે બસ જન્મ જગતમાં જો ન મળે એ નારી
કરી કળા કાંઇ લાવું ઘરમાં એ પ્રેમદા મુજ પ્યારી
નારી તણા નેણાની કારી કટારી

લાગ્યો તેનો ઘા ભીથર ભારી
પીડે છે પ્યારી રસીલી જોર૨૪

કુમુદ— ગ.યન ૩૭

સુમન સંર ધારીરે, મારે શું બાંણુ (મારીરે')
તડપ તડપ તનડુ મુજ તલપે જખવીયોગી જેમ વારીરે મારે શું
પીડે રગો રગ પ્રેમની પીડા કોરે કલેવર કામના કીડા
કોને કહું આ કષ્ટ કારીરે મારે શું

કુમુદ— ગાયન ૩૮

જોજો જોજો જોજો પ્રેમીજનને ગેલછા મોરછા લાગી છે
રાખો આડું મુખ સીદ મન મેલા
લાગે ઘટીત સું આ ચંદ્ર છેલા
થાતું વીમુખ કુમુદથી ઘેલા
પુછું હું સ્યાંણી ક્યાંની એક હાંણી
ઉત્તર દયો પ્રીય પ્રાંણુ પુરાંણી
પ્રેમની પોથી ગુણીયલ ગોતી
તનથી મનથી દીલથી પ્રેમીજનને ઘેલછા મોરછાં લાગી છે

કુમુદ ચંદ્ર ગાયન ૩૯

માનો માનો પ્રાણ આધાર આપ મારા છો જીવંનહાર
હું છું આપની દાસી આવાર માનો માનો પ્રીય મન વીચારો
પેટ પીસી સીદ પીડ વધારો કહું છું હું આપાર વાર

કુમુદ ચંદ્રસેન ગાયન ૪૦

આમ આવો રીસાવો જાઓ નહી આમ આવો
જાઓ ધુત્તા તમોથી બોલું નહી જાઓ ધુત્તા
જેમ રહેછે હીરણાઓ વંનમાં
પાડે પડે પણ લાવેન મનમાં

એથી અધીક મા લાવો નહી આમ અવો

કુમુદ ચંદ્રસેન ગાયન ૪૧

પ્રેમી જોડું પ્રેમરામાં સાથે સારૂં સોભતુ
પ્રેમીઓની સુખ દેતુ ... ...
... ... વાલી વીરહ વાવાય
છેલ બના સ્વામીની સાથે
... ... અલબેલી શુ ઓપતું પ્રેમી
રસીક રસીલા રંગે રમવા આવો ઓરાં આપ
ઘેલા પણું તજી હે ઘેલી ... ...
... ... લજીત લલના લોપતું પ્રેમી

ગાયન ૪૨

ભોળોભટ કાશી તથા લક્ષ્મી ઝાલી—

ફાટયો પાટયો ફોકટ ફરે ફુલતો ... ...
... ...જોને રાંડ કેવો ચાલુંછું ઝુલતો
જરા વીચાર સાર મુરખ સરદાર ... ...
... ...ખાઇ સમા હાથનો તું તોરે માર
પ્યારી બતાવો જરા મુને પ્યાર ... ...
... ...જાજાજ પીટયા અંઢીથી ગમાર
હું ગમાર લાખવાર
નફટનાર મારૂં માર ઓ બાપરે
જુઓ જુઓ જુઓ ભોળા ભટ તણી ભવાઇ
આ દુનીઆમાં અણ ગમતાની નોખી આ નવાઇ

કુમુદ— ગાયન ૪૩

પીતુ આવું અઘટીત સું ઉચારો
દીલે ધારો મને મારો તથા પીતે ને ઉગારો પીતુ

દયાળુ તાત તો મ્હારા કરોના ઘાત થઈ ન્યારા
દીલે ધારો મુને મારો તથા પીને તેને ઉગારો   પીતુ

કુમુદ— ગાયન ૪૪

વારે ચઢસો વારે ચઢશો વારે ચઢશો રે દીનદયાળી
મમ માયા મોટી મહાકાળી   વારે
દમયંતીના દુઃખ વીદારી કાપ્યાં કુલટાના કસ્ટ તમે કારી
એવી આશા પુરો પ્રભુ તમે મારી   વારે

બાઇડીઓ ભીખો પટેલ   ગાયન ૪૫

અલ્યા ભીખા પટેલ વગણુ વીચાર્યું કરયું આતે હું પીટયા મુરખા
દેવતા લેવા આવવું હતું તો એકલા ચંમ નો આવ્યા
બાઈડી હારે લડાઇ કરી ખભે બેસાડી લાવ્યા   અલ્યા
જાય તાંણે સું હાથે કરી મરદની મુછનુ પાણી
કાંમ કરીયે તો આવું કરીએ દુનીયાં જાય જાણી
વાહ ભીખા પટેલ વગણુ વીચાર્યું કર્યું આતે હું પીટયા મુરખા

લક્ષ્મી ગોલી   ગાયન ૪૬

હાય હરીએ મોત મરી હું નડી આ કરણી નફ્ટ કરણી
થઇ હું પાપી હાય પુરી કર્યા હરામી કાંમ ભુલી
તેની ભરી આ દુખદ ભરણી નડીઆ કરણી નફ્ટ કરણી

ચંદ્રસેન   સીખરણી છંદ ૪૭

અરે માતા મહારી વળી વળી વંન્દુ હું તને ઘણું
દયા દ્રસ્ટી રાખી દુઃખ દુર કરો સેવક તણું
ચડો વારે મારી તુજ તણી હુ કરૂં હું સ્તુતી ઘણી
મને આપો બુધી સ્તુતી કરૂં સદા હુ તમ તણી
રચ્યાં બ્રંહ્માંડોને અગણીત ગુણો સર્વજ કરો
હણીને સૈ દુસ્ટો ભવસફળના કસ્ટ જ હરો

તમારી ભકતીથી ઋશી મુનીજ સર્વે તરી ગયાં
નમુ વારે વારે તવ ચરણુ પુજી સુખી થયાં

કુમુદ-ચંદ્રસેન ગાયન ૪૮

પ્રીય પ્રાંણુ છોડીને અહા જાઓ સ્વામીજી સીદને તમે
પ્રીયા માન તું મારી કહયું... ... ...
... ...શા સારૂ સંકટ તું ખમે. પ્રીયા
મનહર હવે મળશે કંઇ... ... ...
... ...[illegible] હર તમે રડશો નહી
જાંઉ છોડીને પ્રીયા હવે... ... ...જાઓ
... ...આ જીવવું વૃથ છે મને
છે છેલ્લા પ્રાંણુ પ્રણામઆ... ... ...
... ...દારૂણુ દુખ મુજને દમે જાઓ

અંક ત્રીજો.

ચંદ્રસેન- ગાયન ૪૯

નીસ ફૂળ થયો હું હાયરે ઉમેદ નહી લગાર
દંહંન કયુ આ દીલને પુરો જોડીને પ્યાર નીચ,
વંન વંન ફરૂ હું દીન પણે રજળી રખડી આવાર
વ્યર્થ લાગે જીવવું સંસાર છે અસાર નીચ,
સે લાટે કસ્ટ કંઇ કંઇ લખયાં ટાળ્યાં નહી ટળે
ધાર્યું ધણીનું થાય ને લખ્યું આવી મળે નીચ,
ઓઇસર કપર કર દયા અરજ ઉર ધારી
કાપો અમારાં અમાપસઊ કારમાકસ્ટકારો નીચ,

ગાયન ૫૦

પ્રીતી તણો પાર નહી જગમાં
સ્નેહની સુધ્ધી પળવી કઠણુ છે
વર્ણુન કરી ન સકાય (પ્રીતી)
સ્નેહનુ બંધન ઘણું કઠણુ છે
નિયમો તે તણા પળના પળાય (ખરે પાર નહી)
પ્રેમના ગ્રંથના લેખ લખાયા
પછી નહી અંતર રહે દીલ માંય (ખરે પાર નહી)
છેલ છબીલી રસીલી તુ ચોરક
ચીતની નહી વીસરી વીસરાય (ખરે પાર)

કુમુદ—

ગાયન ૫૧

પ્રાંણુ પ્યારા તમે શું મારા નેણુથી જઈ રહયા ન્યારા
નાથના ગભરાઓ સ્વામીના સતાઓ
ઘેર આવો પ્રીતમ ઘેર આવો પ્યારા... ...
... ...સ્વામી મારા પ્રાણુ પ્યારા.

સાખી

ચીત ચકોર ચાહી રહયું ચંદ્ર ચતુર દેદાર
એવીણુ અંતર ઉકળે અભી નવ થાય વીચાર
પ્રાણુ પ્યારા તમે શું મારા નેણુથી જઇ રહયા ન્યારા,

કુમુદ—

ગાયન ૫ર

પ્યારા પ્રીતમ વીના શું કરશું અરે હાય ઝુરી...
... ...ઝુરીને આખર મરશું... ...
કળાની ધી વીણુસા રસ સુકે માંણે મુકી પણુ પ્રાંણુના મુકે
પ્રીયપર જીવપર હરશું પ્યારા.

મન સરવર જળ ભરીયાં અંગો રહ્યના ઝળગળીઆ ઉમંગો
જીવણ પુંઠે જોગ ધરશું પ્યારા.

કુમુદ–ચંદ્રસેન ગાયન ૫૩

મોહન મનહર દીલમાં અરજ ધરોને મારી
પ્યારા પેખીને તરૂણીને લેજો તારી

સાખી.

ભુખ્યાનૂં જે ભાત તે છાંનુ રાખો છેક
પુછું પ્રેમી પંથીઆ એ છે કયાંનો નેક
વાલા વંદન કમળથી ઉચારો ઉર ધારી મોહન;

સાખી

યુંધ્ય સમે શ્રણુગારને સેકસું વાવે બીજ
વખત વીનાનું વરતવું વૈશાખે જેમ વીજ
મોહન મનહર દીલમાં અરજ ધરોને મારી પ્યારા

કુમુદ–ચંદ્રસેન ગાયન ૫૪

આ મન વકરીએરે પરવારી (૨)
મેલી દો મધુરી હઠ જાવું
... ...મારા વાલારે પરવારી
રૂડી રસીકા તું છે રંગીલી પ્રેમ રસ પીને પ્રીતે પાવું
... ...મારા વાલારે પરવારી
લાગી લલુતા લલના તમારી... ... ...
... ...પ્રીતમ જાણી ધ્યો પેમ પ્યારી
... ...મારા વાલારે પરવારી

ગાયન ૫૫

જાઓ જાઓ અલબેલા ઓરાના આવો

મીઠુ મીઠુ બોલી ભોળાને ભમાવો (જાવો)
પ્રેમ સાચો નહી તમારો અબળા ઠગાવાનુ કામ
ઓળખામણી છુ આપને અડસો ના મુજને સ્વામ
લેશોના નામ જાઓ૦

શેઠરાય-કુમુદ ગાયન પ૬

અહા અલબેલી છેલી જોબંન જમેલી પ્યારી... ...
... ...મુજ તન મન હર નારી જો
પ્રીયા પદમણી તુ પ્રેમી સલુણી સુંદરી મુજ પ્યારી જો
રંગે રમુ રોજ તુજ સંગ પ્યારી જો. ચાલ્ય દુસ્ટ...
... ...નહી કાન ધરનારી જો
રસીલી વીચારીજો દુર દુરા ચારી જો
મતી મુઝાવી સુ બેડી કંઇ માનુની તું... ... ...
... ...થઇ રહે મારી જો. અલબેલી

કુમુદ— ગાયન પ૭

જીવંન દુરતન મન વંનવંન ભટકે કાયા આતણાઇ
પ્રાણ થકી પ્રીય પાણ વીખુટે. મરૂંહુ મુઝાઇ જીવન

સાખી

પ્રેમ પંખીણી ગગને ચઢી ગોતે પ્રીતી પંથેપડી.
જો પાંખ તુટી પ્રેમની તો ગોથું ખાઇ પડસે દડી.
આદુની આદરી આવમાં મેં ખોયું મુલદાર મોતી.
પ્રેમ દીવડો કરધરી હુંડુબકી દેતી જોતી
આતન ભવ ચરખે ચઢી ચાલ્યું જાસે કચરાઇ
જીવંત દુર તનમન વંન વંન ભટકી કાયા આતણાઇ

સહશાય— ગાયન ૫૮

સલુણી જાંણુજો બંન ઝમક જવાંની
સમજ સમજ ઓદીવાની દુર દુર ઝમક;
તારુણી તુજવીણુ તલસે રદય મમ
માનીજા છાની માની દુર દુર ઝમક

કુમુદ— ગાયન ૫૯

રૈહટ નટ ખટ નહી મને સતાવે
દુર નીકળ જટપટ સટ અંહીથી
હાથ ન મને અડાવે રૈહી;
નફ્ટ નાદાંન જરા મનમાં વીચારી જો
ચીડ નહીંતું ચડાવ રૈહી

કુમુદ-ચંદ્રસેન— ગાયન ૬૦

જરૂર જુગતે જોડાતું કેમ જુવો જગમાં પ્રીતીનો નેમ
વીગનો નડસે તેનું કેમ જરૂર

સાખી

તન મન ધન વારૂ સહુ મોત વગર મરાય
પ્રાણુ જતાં પણુ પ્રાણુને અલગા નહી કરાય
પુરણુ પ્યારી હું જોડીસ પ્રેમ નકી મેં પણુ લીધું છે નમ જરૂર

સાખી

કળાની ધીજેમ કળામય મણીમય જેમ રત્ન
કુમુદમય જેમ ચંદ્રમય પામવા કર્યો પ્રયત્ન
વાલા રેજો વીદારી વેમ સદા એ હજો કુસળ ક્ષેમ જરૂર

કુમુદ— ગાયન ૬૧

સીર છત્ર અમારા સ્વામ છો સ્યામ છો સ્યામ છોરે

સીર છત્ર અમારા શ્યાંમ છો
દરસનના તુલ્ય મહા આપ વીશરાંમ છો.
તીરર્થ તરૂણી તણા ધાંમ છોરે   સીરછત્ર
સસી વદની પ્રીયા મ્રગલોચની તમો પ્રાણથી અધીક છે
તે જાણજોરે સીરછત્ર ચતુર સુજાણ છો

ગાયન ૬૨

ચાલ ચાલ હઠ હઠ મુક નિચ ખટપટ
આ ઊમંગ આંતરંગ તારા સઊ થાસે ભંગ
બોલ નહી મુજ સંગ વિચાર વિચાર મન
જારેજા જારેજા જારેજા ચાલ ચાલ હઠ હઠ   (મુ૰)
જાજા હજાર જાર ધીકકાર છે પાપી તુને
જાઊ શુ બીછાવી હા હા હા જાય ફાવી
મધભર અંધ સમજ મન જરા
ચાલ ચાલ તજી ખટપટ જાજા નટ ખટ
જાણી ખટપટ ચાલ ચાલ હઠ હઠ

સર્વે   ગાયન ૬૩

પ્રભુ જય ગોવર ધનધારી
મોક્ષદે બલભદ્ર બન્ધવ
દધી સુતાપતી રમ્યમાધવ જય જય ગુણગામી   પ્રભુ
ધન્ય ઘડી પ્રભુ ધન્ય વાસર મેળી ઘડી આપુ જય પ્રભકર
નમીએ બહુ નામી પ્રભુ જય ગોવર ધન ધારી

સમાપ્ત.

વિનય પત્રીકા.

સર્વે સદગ્રહસ્થોને વિનંતી કે અમો નીચે સહી કરનારનો આ નવીન નાટય નામે કુમુદ સુદરી રચવાનો પ્રથમ પ્રયાસ છે. તો તેમાં અનેક ખામીઓ વ્યાકરણના દોષો તથા કાવ્યની ઉલંગનના રહી હશે તો આપ સર્વે પ્રેક્ષકો કૃપા કરી ફક્ત સાર ગ્રહણ કરી દોષો માફ કરવા તસ્દી લેશોજી એવી અમો આશા રાખીએ છીએ. કેવી રીતે કે

દોહરો.

નિરક્ષીર ઘો એકી કીએ રખ્પે એકહી ઠોર
ક્ષીર નિર સેદુર કરી પીવત હંશ ચકોર.

એહી ભાતી ગુન દોષ દો દેખો જોહી અપાર
પર હંસનકી રીત ગ્રહી લીજે ગુન પય સાર.

કર્તા.

મીર, ગોબર કાળુ મુ. ચોઇલા.

નાયક. પ્રભાશંકર અંબારામ. મુ ઉમતા.